


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 342
Dt.: 23-08-2025,
Saturday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### બિહારમાં વડાપ્રધાન મોદીનું મોટું નિવેદન

# PM હોય કે CM, જામીન ન મળ્યા તો છોડવી પડશે ખુરશી

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહારની મુલાકાતે, જ્યાં ગયામાં તેમણે ૧૨,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યુ હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બિહારની મુલાકાતે છે. જ્યાં ગયામાં તેમણે ૧૨,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યુ હતું. ત્યારબાદ તેમણે એક જનસભાને સંબોધિત કરતાં લોકસભામાં રજૂ કરવામાં આવેલા નેતા-મંત્રીઓની ધરપકડના બિલ વિશે આક્રમક અંદાજમાં નિવેદન આપ્યું હતું.

પીએમ મોદીએ કહ્યું કે, અમે એવો કડક કાયદો બનાવવા તરફ આગળ વધી રહ્યા છીએ, જેનો આરજેડી, કોંગ્રેસ અને લેફ્ટિસ્ટ પક્ષો વિરોધ કરી રહ્યા છે. તેઓ ગુસ્સામાં છે, ન જાણે તેમને શેનો ભય છે. જેણે પાપ કર્યા હોય છે, તે પોતાના પાપ છુપાવે છે. પરંતુ અંદરથી જાણતો હોય છે કે, શું રમત રમાઈ છે.

આ આરજેડી અને કોંગ્રેસના અનેક નેતાઓ જામીન પર બહાર છે. તો ઘણા કોર્ટના ધક્કા ખાઈ રહ્યાછે. જે જામીન પર બહાર ફરી રહ્યા છે, તે કાયદાનો વિરોધ કરે છે. તેમને લાગે છે કે, જેલમાં ગયા તો તમામ સપના ચકનાચૂર થઈ જશે.

આથી સવાર-સાંજ આ લોકો મોદીને જાત-ભાતની ગાળો આપે છે. તેઓ એટલી હદે ગભરાઈ ગયા છે કે, જનહિતના કાયદાનો વિરોધ કરી રહ્યા છે. રાજેન્દ્રબાબુ અને બાબા સાહેબે ક્યારેય વિચાર્યું ન હતું કે, સત્તાના ભૂખ્યા લોકો ભ્રષ્ટાચાર કરશે. જેલમાં જઈને પણ શાસન કરશે. હવે ભ્રષ્ટાચારી જેલમાં પણ જશે અને ખુરશી પણ જશે. દેશને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવાનો સંકલ્પ દરેક દેશવાસીઓનો છે.



વધુમાં મોદીએ કહ્યું કે, બંધારણ જનપ્રતિનિધિ પાસે પ્રમાણિકતા અને પારદર્શિતાની અપેક્ષા રાખે છે. અમે બંધારણની મર્યાદાનો લાભ લેતાં જોઈ શકીશુ નહીં. આથી એનડીએ સરકાર ભ્રષ્ટાચાર વિરૂદ્ધ એક એવો કાયદો લઈ આવી છે કે,જેમાં દેશના વડાપ્રધાન, મુખ્યમંત્રી અને મંત્રીઓને પણ સામેલ કરવામાં આવ્યા છે. પીએમ હોય કે સીએમ કે પછી મંત્રી, ધરપકડના ૩૦ દિવસની અંદર જામીન ન મળ્યા તો ૩૧માં દિવસે તેમણે ખુરશી છોડવી પડશે.

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે જણાવ્યું કે, આજે વડાપ્રધાને રાજ્યભરમાં વીજળી, માર્ગ અને શહેરી વિકાસ સાથે જોડાયેલી ૧૨ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો છે. તેમણે બે ટ્રેનને લીલી ઝંડી પણ બતાવી છે. આ યોજનાઓ પાછળ રૂ. ૧૨૦૦૦ કરોડથી વધુનો ખર્ચ થશે.

### શેરબજારમાં છ દિવસની તેજી પર બ્રેક

## સપ્તાહના છેલ્લા સેશનમાં સેન્સેક્સ-નિફ્ટીમાં કડાકો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

શેર બજારમાં ફરી તેજી પર બ્રેક વાગી ગઈ છે. શેર બજારમાં આજો ઘટાડો જોવા મળ્યો છે. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૬૯૩.૮૬ પોઈન્ટ ઘટાડા સાથે ૮૧,૩૦૬.૮૫ પર બંધ થયો. જ્યારે નિફ્ટી ૨૧૩.૬૫ પોઈન્ટ ઘટાડા સાથે ૨૪,૮૭૦.૧૦ પર બંધ થયો છે. શેરબજારમાં ૬ દિવસની તેજી અટકી ગઈ છે. સેન્સેક્સ, નિફ્ટી લગભગ ૦.૯ ટકા ઘટીને બંધ થયો.

બેંકિંગ શેરોમાં દબાણ, ઈન્ડેક્સ ૧ ટકાથી વધુ ઘટ્યો. મેટલ, એફએમસીજી, ઓઈલ-ગેસ શેરોમાં વેચવાલી જોવા મળી.

મેટલ, ઓઈલ-ગેસ શેરોમાં વેચવાલી જોવા મળી. આઈટી, રિયલ્ટી, એનર્જી શેરોમાં દબાણ રહ્યું જ્યારે ફાર્મા ઈન્ડેક્સ વધારા સાથે બંધ થયો. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૬૯૩.૮૬ પોઈન્ટ ઘટીને ૮૧,૩૦૬.૮૫ પર બંધ થયો. નિફ્ટી ૨૧૩.૬૫ પોઈન્ટ ઘટીને ૨૪,૮૭૦.૧૦ પર બંધ થયો છે.

શુક્રવારના ટ્રેડમાં હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાના શેર ૨.૦૨ ટકા ઘટીને રૂ. ૨,૩૯૯.૩૦ પર બંધ થયા. આ સ્ટોક નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સનો ભાગ છે. જૂન ૨૦૨૫ માં પૂરા થયેલા ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ. ૧૬,૪૧૨.૮૮ કરોડ હતી.

### દુનિયા ચોંકી, મિશન દિવ્યાસ્ત્રએ રચ્યો ઈતિહાસ

## અગ્નિ-૫ મિસાઈલે ઉડાન વચ્ચે ૯૦ ડિગ્રીનો શાર્પ ટર્ન લીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે અગ્નિ-૫ મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું, આ મિશન દિવ્યસ્ત્ર નામ આપવામાં આવ્યું હતું. આ પરીક્ષણમાં અગ્નિ-૫ મિલાઈલે મલ્ટીપલ ઈન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેબલ રી-એન્ટ્રી વ્હીકલ (MIRV) ટેકનોલોજીનું પ્રદર્શન કર્યું, જે તેને એકસાથે અનેક લક્ષ્યોને નિશાન બનાવવાની ક્ષમતા આપે છે. પરંતુ આ વખતે સૌથી વધુ ચર્ચામાં મિસાઈલનો ૯૦ ડિગ્રીનો શાર્પ ટર્ન છે, જે સામાન્ય બેલિસ્ટિક મિસાઈલો માટે અશક્ય માનવામાં આવે છે.

આ પરાક્રમ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ની તકનીકી શક્તિનું પ્રતીક છે. અગ્નિ-૫ એક ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ (ICBM) છે. તે ભારતની સૌથી લાંબી રેન્જની મિસાઈલ છે, જેની રેન્જ ૫૦૦૦થી ૮૦૦૦ કિલોમીટર છે. આ મિસાઈલ ત્રણ-તબક્કાની ઘન ઈંધણ પ્રણાલી દ્વારા સંચાલિત છે અને તે મેક ૨૪ (૨૯,૪૦૦ કિમી/કલાક)ની ઝડપે પહોંચી શકે છે.

અગ્નિ-૫ મિસાઈલ ચીનના ઉત્તરીય ભાગો અને યુરોપના કેટલાક વિસ્તારોને પણ નિશાન બનાવી શકે છે. અગ્નિ-૫ને રોડ-મોબાઈલ અને કેનિસ્ટરાઈઝ્ડ બનાવવામાં આવ્યું છે, એટલે કે, તેને ટ્રક દ્વારા ગમે ત્યાં લઈ જઈ શકાય છે અને થોડીવારમાં લોન્ચ કરી શકાય છે. તેનું વજન ૫૦ ટન છે. તે ૧.૫-૨ ટન સુધીનો પેલોડ વહન કરી શકે છે.

સામાન્ય બેલિસ્ટિક મિસાઈલ એક નિશ્ચિત દિશા પર ચાલે છે, પરંતુ આ વખતે અગ્નિ-૫ મિસાઈલે મિડ ફેજમાં ૯૦ ડિગ્રીનો શાર્પ ટર્ન લીધો હતો, જે તકનીકી રીતે અસાધારણ છે. સામાન્ય મિસાઈલમાં આવા શાર્પ ટર્ન G-ફોર્સ (ગુરુત્વાકર્ષણ બળ) અને પ્રીસેશનને કારણે મિસાઈલ તૂટી જવાનો જર રહે છે, પરંતુ DRDOએ આ અશક્યને શક્ય કરી બતાવ્યું.

પ્રેશર ટેક: આ સિસ્ટમ પ્રોપેલન્ટ લાઈનમાં દબાણ જાળવી રાખે છે અને ટેક્રોમાં નિયંત્રિત પ્રવાહ સુનિશ્ચિત કરે છે. આ મિસાઈલની ગતિ અને દિશાને ચોક્કસ રીતે નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

ઓક્સિડાઈઝર ટેન્ક : તે થ્રસ્ટ અને મેન્યુવરેબિલિટી પ્રદાન કરે છે, જેનાથી પોસ્ટ-બૂસ્ટ વાહન (PBV) અથવા MIRV બસને વિવિધ દિશામાં વોરહેડ્સ તહેનાત કરવા માટે ફેરવી શકાય છે.

સ્વદેશી એવિઓનિક્સ અને સેન્સર્સ: અગ્નિ-૫ મિસાઈલમાં ફીટ કરાયેલા સટીક સેન્સર પેકેજ અને એવિઓનિક્સ સિસ્ટમ ખાતરી કરે છે કે વોરહેડ્સ ચોકસાઈ સાથે લક્ષ્ય સુધી પહોંચાડવામાં આવે છે.

ઓછું વજન : DRDO એ કંપોઝીટ મટીરિયલ અને ઈલેક્ટ્રો-મિકેનિકલ એક્ટ્યુએટર્સનો ઉપયોગ કરીને મિસાઈલનું વજન ૨૦ ટકા ઘટાડ્યું, જેનાથી તેની ગતિશીલતા અને રેન્જમાં વધારો થયો.

૧૧મી માર્ચ ૨૦૨૪ના રોજ અગ્નિ-૫નું પહેલું મલ્ટીપલ ઈન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેબલ રી-એન્ટ્રી વ્હીકલ (MIRV) પરીક્ષણ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ટાપુ (ઓડિશા)થી કરવામાં આવ્યું હતું. MIRV ટેકનોલોજીનો અર્થ એ છે કે એક મિસાઈલ અનેક પરમાણુ હથિયારો વહન કરી શકે છે, જે વિવિધ લક્ષ્યોને નિશાન બનાવી શકે છે.

દરેક હથિયારનું વજન ૪૦૦ કિલોગ્રામ સુધી હોઈ શકે છે. મિશન દિવ્યસ્ત્રમાં અગ્નિ-૪ એ ૪ પરમાણુ હથિયારો વહન કરવાની ક્ષમતા દર્શાવી.

આ ટેકનોલોજીથી ભારત એવા દેશો (અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ અને યુકે)ના જૂથમાં જોડાય છે જેમની પાસે MIRV મિસાઈલો છે.

આ ટેકનોલોજી ભારતની ન્યુક્લિયર ડિયરન્સને વધુ મજબૂત બનાવે છે, ખાસ કરીને ચીન સામે, જેની પાસે પહેલાથી જ DF-5B જેવી MIRV મિસાઈલો છે.

અગ્નિ-૫ મિસાઈલની MIRV બસ ૪થી ૫ વોરહેડ્સ વહન કરી શકે છે, જે તેના કદ અને વ્યાસ પરથી અંદાજવામાં આવે છે. કેટલાક નિષ્ણાતો માને છે કે તે ૧૦-૧૨ વોરહેડ્સ વહન કરી શકે છે, પરંતુ DRDOએ સત્તાવાર રીતે ૪ વોરહેડ્સની પુષ્ટિ કરી છે.

### મોદીની સભામાં દેખાયા RJDના ધારાસભ્યો

## બિહારમાં ચૂંટણી પહેલા ભાજપનો મોટો ખેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારમાં વિપક્ષના અનેક ધારાસભ્યો પલડું બદલી શકે છે. જેનો સંકેત આજે શુક્રવારે ગયામાં પીએમ મોદીની રેલી દરમિયાન મળ્યો છે. વડાપ્રધાન મોદીની રેલીમાં મંચ પર આરજેડીના બે ધારાસભ્યો જોવા મળ્યા છે. નવાદામાંથી આરજેડીના ધારાસભ્ય વિભા દેવી અને રાજૌલી ધારાસભ્ય પ્રકાશ વીર એનડીએના નેતાઓ સાથે મંચ શેર કરી રહ્યા હતાં. જાણકારી અનુસાર, વડાપ્રધાન મોદી જ્યારે ગયાજી પહોંચ્યા હતાં, ત્યારે મંચ પર નવાદામાંથી આરજેડીના વર્તમાન ધારાસભ્ય વિભા દેવી અને રજૌલી ધારાસભ્ય પ્રકાશ વીરને મળ્યા હતાં. વિભા દેવી હાલમાં જ જેલમાંથી મુક્ત થયેલા બાહુબલી રાજ બલ્લભ યાદવની પત્ની છે. આરજેડીના બંને ધારાસભ્ય એનડીએના કોઈ પણ પક્ષમાં સામેલ થઈ શકે છે. બંને ધારાસભ્યોએ આરજેડીમાંથી હાલ અંતર જાળવ્યું છે. જણાવવામાં આવ્યું છે કે, એનડીએના મંચ પર આરજેડીના બે ધારાસભ્યોની ઉપસ્થિતિથી રાજકારણમાં હડકંપ મચ્યો છે. ગયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી દરમિયાન ધારાસભ્ય વિભા દેવી અને પ્રકાશ વીર મંચ પર બેઠા હતાં. તેમની ઉપસ્થિતિએ આરજેડી છોડવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ઉલ્લેખનીય છે, વિભા દેવી આરજેડીના પૂર્વ ધારાસભ્ય રાજ બલ્લભ પ્રસાદ યાદવના પત્ની છે. હાલમાં જ પટના હાઈકોર્ટના દુષ્કર્મ મામલે રાજ બલ્લભને મુક્ત કર્યા હતાં. તે પહેલાં નવાદાની નીચલી કોર્ટે તેમને દોષિત ઠેરવ્યા હતાં. રાજૌલી મત વિસ્તારમાંથી આરજેડી ધારાસભ્ય પ્રકાશ વીર રાજ બલ્લભ પ્રસાદના અંગત વ્યક્તિ છે. તેમને આગામી વિધાનસભા ચૂંટણી માટે પક્ષ તરફથી ટિકિટ મળવાની કોઈ સંભાવના જણાતી નથી. નવાદામાં મતદાર અધિકાર યાત્રા દરમિયાન આરજેડી નેતા તેજસ્વી પ્રસાદે ટિકિટ મુદ્દે સ્પષ્ટ સંકેત આપ્યા હતાં.

### સુપ્રીમ કોર્ટનો ચૂંટણી પંચને આદેશ

## SIRમાં આધાર કાર્ડ પણ માન્ય, મતદારોને રાહત

**સુપ્રીમે ચૂંટણી પંચને કહ્યું છે કે, મતદાર યાદીમાં સુધારા માટે ૧૧ દસ્તાવેજોમાં આધાર કાર્ડને પણ સામેલ કરો**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બિહારના મતદારોને મોટી રાહત આપતાં સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને મહત્ત્વનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કહ્યું છે કે, મતદાર યાદીમાં સુધારા માટે ૧૧ દસ્તાવેજોમાં આધાર કાર્ડને પણ સામેલ કરો. તેમજ બિહારમાં મતદારોની યાદીમાંથી બહાર થયેલા મતદારોની અપીલ સ્વીકારવા અને સહાયતા પ્રદાન કરો. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સુર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે આ મામલે સુનાવણી હાથ ધરતાં ચૂંટણી પંચને આદેશ આપ્યો છે કે, ચૂંટણી પંચે મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવેલા લોકોની અરજી ઓનલાઈન સ્વીકારવાની રહેશે. તેઓ ડોક્યુમેન્ટ્સને ભૌતિક સ્વરૂપે રજૂ કરવા દબાણ કરી શકશે નહીં. સુપ્રીમ કોર્ટે બિહારના ચૂંટણી અધિકારીને કોર્ટના કામકાજમાં રાજકીય પક્ષોને પક્ષકાર બનાવવા તેમજ દાવાઓની સ્થિતિમાં રિપોર્ટ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે. આ મામલે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, બિહારમાં મતદારોની યાદીના વિશેષ નિરીક્ષણ (SIR) હેઠળ દૂર કરવામાં આવેલા મતદારોના નામ રાજકીય પક્ષો સમક્ષ રજૂ ન કરવા આશ્ચર્યજનક છે. અમે બિહારમાં SIR દરમિયાન મતદારોની યાદીમાંથી દૂર કરવામાં આવેલા લોકોને ઓનલાઈન અપીલ કરવા મંજૂરી આપીશું. જેમની પાસે આધાર કાર્ડ કે અન્ય કોઈ માન્ય દસ્તાવેજ છે. તો તેમના નામ પુનઃ યાદીમાં દાખલ કરવા પડશે. ઉલ્લેખનીય છે કે, આ મામલે આગામી સુનાવણી ૧૫ સપ્ટેમ્બરના રોજ થશે.

સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષો અને તેમના રાજ્યના બુથ સ્તરના એજન્ટ્સને નિર્દેશ કર્યો છે કે, તેઓએ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવેલા લોકોને મતદાર તરીકે દાવો કરવા માટે જરૂરી તમામ મદદ કરવાની રહેશે. તેમની દાવા અરજી માટે ફોર્મ ભરવા સલાહ આપવી પડશે. બિહારના ૧૨ રાજકીય પક્ષોને કે જે સુપ્રીમ કોર્ટ સમક્ષ હાજર ન થયા હોય તેમને SIR કેસમાં સામેલ થવા આદેશ આપ્યો છે. વધુમાં, બેન્ચે સ્પષ્ટ કર્યું કે દાવા માટે ફોર્મ ECI દ્વારા મૂળ રૂપે સૂચિબદ્ધ ૧૧ દસ્તાવેજોમાંથી કોઈપણ સાથે અથવા આધાર કાર્ડ સાથે સબમિટ કરી શકાય છે. BLA દ્વારા સબમિટ કરાયેલા વાંધાઓ માટે બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) સ્વીકૃતિ રસીદો જારી કરી રહ્યા ન હોવાની ચિંતા વ્યક્ત થયા પછી, સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે, જ્યાં પણ ફિઝિકલી ફોર્મ સબમિટ કરવામાં આવ્યા હોય ત્યાં BLOs રસીદ આપવાની રહેશે.

## કોકિલાબેન અંબાણીની તબિયત લથડી, હોસ્પિટલમાં દાખલ કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ટોચા ઉદ્યોગપતિ ઉદ્યોગપતિ અને દેશના સૌથી ધનિક મુકેશ અંબાણી અને અનિલ અંબાણીની માતા કોકિલાબેન અંબાણીની તબિયત બગડી છે. શુક્રવારે વહેલી સવારે તેમને HN રિલાયન્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને એરલિફ્ટ કરીને મુંબઈની HN રિલાયન્સ હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

૯૧ વર્ષીય કોકિલાબેન અંબાણીની તબિયત બગડ્યા બાદ, તેમને મુંબઈની HN રિલાયન્સ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોની આખી ટીમ તેમની સારવારમાં રોકાયેલી છે. હાલમાં, પરિવાર દ્વારા તેમના સ્વાસ્થ્ય અંગે કોઈ અપડેટ જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ આખો પરિવાર હોસ્પિટલ પહોંચી ગયો છે. મુકેશ અંબાણી સવારે કાલિની એરપોર્ટ પર જોવા મળ્યા હતા. અનિલ અંબાણી તેમની પત્ની ટીના અંબાણી સાથે HN રિલાયન્સ હોસ્પિટલમાં જોવા મળ્યા હતા.

કોકિલાબેન અંબાણીની અચાનક તબિયત બગડવાને કારણે આખો અંબાણી પરિવાર હોસ્પિટલ પહોંચી રહ્યો છે. હોસ્પિટલની ટીમ સતત તેમનું નિરીક્ષણ કરી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હાલમાં તેમનું સ્વાસ્થ્ય સ્થિર છે. તમને જણાવી દઈએ કે કોકિલાબેન અંબાણી ધીરુભાઈ અંબાણીના પત્ની છે. તેમણે ૧૯૫૫ માં ધીરુભાઈ અંબાણી સાથે લગ્ન કર્યા હતા. કોકિલાબેન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સૌથી મોટા શેરહોલ્ડર છે. હાલમાં કોકિલાબેન તેમના મોટા દીકરા મુકેશ અંબાણી અને તેમના પરિવાર સાથે મુંબઈના એન્ટિલિયામાં રહે છે. કોકિલાબેન અંબાણી પરિવારના સૌથી ધનિક વ્યક્તિ છે. તેમની પાસે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ૦.૨૪% શેર છે, જે લગભગ ૧,૫૭,૪૧,૩૨૨ શેર છે. વર્તમાન શેર ભાવ મુજબ, તેમની સંપત્તિ ૧૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ છે.




